ગાંધીનગર સમાચાર
તા. ૨૭-૩-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### વરિષ્ઠ નેતાઓની હૈયાવરાળ

ભાજપ જેમને ભીષ્મપિતામહ જેવા હુલામણા નામે સંબોધે છે એવા લાલકૃષ્ણ અડવાણીને એમની પસંદગીની બેઠક નહીં આપી નારાજ કર્યા પછી સંઘના વડાના હસ્તક્ષેપથી ઠંડાગાર બનાવી દીધાની ઘટનાના પડઘા શમે એ પહેલાં વાજપેયી સરકારના 'નંબર થ્રી' અને વિચક્ષણ રાજપુરુષ જસવંતસિંહની વતનની બેઠક પરથી ચૂંટણી લડવાની 'અંતિમ ઈચ્છા' પર પાણી ફેરવી દેવાયું છે. જસવંતસિંહ કોઈ સામાન્ય કાર્યકર નથી. એ ભાજપની વરિષ્ઠ મંડળીના સન્માનનીય સદસ્ય હતા અને વાજપેયી સરકારમાં નાણાં તેમ જ વિદેશ મંત્રાલય જેવાં મહત્વનાં ખાતાં સંભાળવાની સાથે જ્યૉર્જ ફર્નાન્ડિસની જેમ ટ્રબલ શૂટર તરીકેની ખાસ કામીગીરી બજાવતા હતા. એક સ્વતંત્ર વિચારક તરીકે એમની રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે અનેક મતભેદ પણ રહ્યા કરતા પરંતુ રાષ્ટ્રીય સ્તરના સ્વચ્છ ઈમેજ ધરાવતા આ રાજપૂત નેતા ભાજપ માટે ભૈરોંસિંહ શેખાવતની ખોટ પૂરે એવા મોટાગજાના આગેવાન ગણાતા હતા. ઉંમરના છેલ્લા તબક્કે બાડમેરની વતનની બેઠક પરથી ચૂંટણી લડી લઈ ક્ષેત્રસંન્યાસ લેવા માગતા આ નેતાને ટિકિટ નહીં આપવા પાછળ વર્તમાન નેતાગીરીનો અહંકાર જવાબદાર છે. જસવંતસિંહને બદલે જ્ઞાતિ સમીકરણોમાં મદદરૂપ થાય એવા કોંગ્રેસમાંથી આયાત કરેલા જાટ ઉમેવાર કર્નલ સોનારામ પર પસંદગીનો કળશ ઢોળવા પાછળ મુખ્યમંત્રી વસુંધરા રાજેની રાજહઠ- સ્ત્રી હઠ ઉપરાંત ચૂંટણી સમિતિને બાજુએ રાખી મન ફાવે એવા નિર્ણયો લેવાની આદત ધરાવતા પાર્ટીના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની કિન્નાખોરી પણ કારણભૂત છે. મોદીને માન આપવું પડે એવા માણસો સાથે કામ કરવું ગમતું નથી, તે હવે કોઈથી અજાણ્યું નથી રહ્યું. અડવાણી, મુરલી મનોહર જોશી, લાલજી ટંડન વગેરેને કનડગત કર્યા પછીયે 'ઍડજસ્ટ' કરી શકાયા, પરંતુ સ્વમાની જસવંતસિંહ માટે એ રીતે ઍડજસ્ટ થવું અઘરું હતું. વ્યથિત જેસોલ- રાજવંશીએ એમની હૈયાવરાળ ઠાલવતાં બહુ હૃદય દ્રાવક વાત કરી છે. અરુણ જેટલીએ એમને 'ઍડજસ્ટ' કરી લેવાની કે રાજનાથસિંહે એમનો 'ઉપયોગ' કરવાની હૈયાધારણ આપી તેથી એમના સંવેદનશીલ કાળજે કુઠારાઘાત થયો છે. એમણે કાર્યકરોની ઈચ્છા મુજબ બાડમેર બેઠક પરથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી લેવાનો નિર્ણય કર્યો છે. ગુજરાતના વરિષ્ઠ સાંસદ હરિન પાઠકના માથે પણ ટિકિટ કપાવાનો ભય સતત તોળાતો જ હતો. એમણે ગઈ વખતે માંડ માંડ અડવાણીને વચ્ચે નાખીને ટિકિટ બચાવી હતી. એ જ સ્થિતિ ભાવનગરથી સતત ચૂંટાતા રહેતા ભાજપના પૂર્વ પ્રદેશાધ્યક્ષ અને સ્વાતંત્ર્યસેનાની સરદારસિંહ રાણાના વંશજ રાજેન્દ્રસિંહ રાણાની થઈ છે. સંજય જોશી સાથેના સંબંધો એમને ખરા સમયે નડ્યા છે. ભાજપમાં એકહથ્થુ શાસનનો નવો યુગ શરૂ થઈ જતાં હવે એમાં વરિષ્ઠોને વખારે નાખવાના બેધડક નિર્ણયો લેવાઈ રહ્યા છે. હરિન પાઠકે પત્રકાર પરિષદ કરી એમની હૈયાવરાળ ઠાલવી છે. એક અભિનેતાને 'ઍડજસ્ટ' કરવા લોક હૈયે પ્રસ્થાપિત સિનિયર નેતાનો ભોગ લેવાય તે ખરે જ આજના રાજકારણની દરેક સંવેદનશીલ માનવીને કઠે એવી કઠોર વાસ્તવિકતા છે.

## નવસર્જન એકેડેમી દ્વારા મેહ-માધુર્ય કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૬

નવસર્જન એકેડેમી દ્વારા મેહ-માધુર્ય કાર્યક્રમ તા. ૨૯ માર્ચ શનિવાર રાત્રે ૯.૦૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી કન્વેશન હોલ જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ અમદાવાદ ખાતે યોજાશે. કાર્યક્રમમાં અતિથિ તરીકે ભાગ્યેશ જહા સચિવશ્રી, યોગેશ ગઢવી, અધ્યક્ષ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને મકરંદ શુકલ, રીજીયોનલ ઓફિસર ઉપસ્થિત રહેશે. મેહ-માધુર્ય કાર્યક્રમમાં મેહ રચીત ગીતો અને ભજનો શ્યામલ સૌમિલ રજૂ કરશે. આ પ્રસંગે મેહ રચીત ગીતોની સીડીનું લોકાર્પણ ગૌરાંગ વ્યાસના હસ્તે અને મેહ માટે વિશિષ્ટ વિભૂતિઓના શબ્દાલેખના પુસ્તકનું વિમોચન પદ્મશ્રી કુમારપાળ દેસાઈ કરશે.

## સાદરાના મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય ખાતે રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો

### ફિલ્મો અને સાહિત્યમાં ગામડાના નિરૂપણ વિષય પર પરિસંવાદ યોજાયો : ફિલ્મ દિગ્દર્શક બુધ્ધદેવ દાસ ગુપ્તા ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના સાદરા મુકામે આવેલ મહાદેવ દેસાઈ ગ્રામ



સેવા મહા વિદ્યાલય ખાતે તા. ૨૪ અને ૨૫ માર્ચે 'સાહિત્ય અને સિનેમામાં ભારતીય ગામડાનું નિરૂપણ' વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો હતો. આ પરિસંવાદની ઉદઘાટન બેઠકમાં ગુજરાત વિદ્યાપીઠના કુલસચિવ રાજેન્દ્રભાઈ ખીમાણી, જાણીતા દિગ્દર્શક બુધ્ધદેવ દાસ ગુપ્તા, ભૂતપૂર્વ મ્યુઝીયમ ડાયરેકટર આર.ડી. પરમાર, સંયોજક જમનાદાસ સાવલિયા અને કનૈયાલાલ નાયક ઉપસ્થિત રહ્યા હતા.

આ પરિસંવાદમાં બુધ્ધદેવ દાસ ગુપ્તાએ સિનેમામાં અને બંગાળી સાહિત્યમાં ગામડાનું ચિત્રણ કેવું થયું છે તે અંગે ઉદાહરણ સાથે માહિતી આપી હતી. કુલપતિ રાજેન્દ્રભાઈએ ગામડાની વાત ગામડામાં થાય છે તેની અગત્યતા સમજાવી હતી. આ પરિસંવાદ દરમિયાન કવિ સંમેલન પણ યોજવામાં આવ્યું હતું.

આ કવિસંમેલનમાં રવિન્દ્ર પારેખ, બકુલ ટેલર, હર્ષદ ત્રિવદી, ભાવેશ ભટ્ટ, અનિલ ચાવડા અને ધ્વનિલ પારેખે કાવ્યો રજૂ કર્યા હતા. કવિ સંમેલનનું સંચાલન જયદેવ શુકલ એ કર્યું હતું. પરિસંવાદના બીજા દિવસે ભરત મહેતા એ ગુજરાતી સિનેમામાં ગામડાનું નિરૂપણ વિશે વાત કરતા 'ભવની ભવાઈ', 'કાશીનો દીકરો' અને 'માનવીની ભવાઈ' વગેરે ફિલ્મના ઉદાહરણ આપ્યા હતા. શીરીષ પંચાલે પણ વિવિધ કૃતિઓ અને ગ્રામીણ પ્રશ્નોને લઈને ગુજરાતી સાહિત્યમાં કરાયેલ ગામડાના નિરૂપણ વિશે વાત કરી હતી. જયારે અમૃત ગંગરે જુદા જ દૃષ્ટિકોણથી શહેરમાં ગામડું કેવી રીતે પ્રવેશ્યું છે તેની વાત ફિલ્મોના ઉદાહરણથી કરી હતી. આ પરિસંવાદમાં અધ્યાપકોએ તેમના સંશોધન પત્રો રજૂ કર્યા હતાં.

## બીબીએ કોલેજના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૨૬

કડી કેમ્પસમાં આવેલ બી.પી.કોલેજ ઓફ એડમીનીસ્ટ્રેશનના પ્રથમ અને દ્વિતીય વર્ષના બીબીએના વિદ્યાર્થીઓએ તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે વિદાય સમારંભનું આયોજન કર્યુ હતુ. આ વિદાય સમારંભ તા. ૨૫મી માર્ચે યોજાયો હતો. જેમાં વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓએ તેમના અનુભવોની અભિવ્યક્તિ કરી હતી.

આ વિદાય સમારંભમાં કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રમાકંત પૃષ્ટિએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને તેમના કોલેજ જીવનના ત્રણ વર્ષ દરમ્યાન કરેલી પ્રવૃત્તિઓ અને મેળવેલ સિદ્ધિઓ માટે બિરદાવ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ કારકિર્દી ઘડતર માટે શુભેચ્છાઓ સાથે આશિર્વચન પાઠવ્યા હતા. વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓએ પણ તેમના અનુભવોની અભિવ્યક્તિ કરતા તેમના ઘડતરમાં સંસ્થાનું પણ અમૂલ્ય યોગદાન રહેલુ છે. તે અંગે ગર્વ વ્યક્ત કર્યો હતો. એક વિદ્યાર્થી રાજેશ પ્રજાપતિએ પોતે જ્યારે બીબીએમાં પ્રવેશ્યો હતો ત્યારે અંગ્રેજીમાં વાતચીત કરવાનું આવડતુ ન હોવાથી શરૂઆતમાં મુશ્કેલી અનુભવતો હતો પરંતુ કોલેજના અધ્યાપકગણના માર્ગદર્શનથી તે પોતાની મુશ્કેલી દૂર કરી શક્યો હતો. વિદાય લઈ રહેલા અન્ય વિદ્યાર્થીઓ ગૌરવ સિંઘ, કુ. અર્ચના, કુ. અંકિતા વગેરેએ તેમના સમગ્ર વ્યક્તિત્વમાં કોલેજના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ, અભ્યાસક્રમ, સંસ્થાની સુવિધાઓ અને પ્રવૃત્તિઓનો મોટો ફાળો હોવાનું જણાવ્યું હતું. બીજા અન્ય વિદ્યાર્થીઓ ચંદ્રકાંત ડાભી, તુષાર ખેર, અશ્વિન નારોલા અને કિરીટ સોલંકી વગેરેએ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને વિશ્વ વિદ્યાલય દ્વારા વિદ્યાર્થીઓની સંભાળ અને પ્રોત્સાહનને પાયારૂપ પરિબળો ગણાવીને પોતે આ સંસ્થાના વિદ્યાર્થીઓ હોવા બદલ ગર્વની લાગણી વ્યક્ત કરી હતી.

## આયુર્વેદ યુનિ.માં હસ્તપ્રતોનું ડિઝિટલાઈઝેશન હાથ ધરાશે

વિશ્વની સૌથી પ્રાચીન એવી ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી પાસે રહેલ હસ્તપ્રતોને ડિઝીટેલાઈઝેશન કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ૨૦૦થી માંડી ૧૨૦૦ વર્ષ જેટલી પ્રાચીન આ હસ્તપ્રતોમાં વેદ પુરાણ ઉપનિષદ દર્શન, ગણિત, વ્યાકરણ, ઈતિહાસ, સાહિત્ય વગેરે પ્રકારના વિષયોનું ગદ્ય અને પદ્યમાં વર્ણન છે. જેનું સંપૂર્ણ ડિઝીટેલાઈઝેસન થઈ ગયા બાદ આયુર્વેદીક યુનિવર્સિટીની વેબસાઈટ પર વાંચી શકાશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ભારત દેશમાં અનેક પ્રાચીન હસ્તપ્રતો સંગ્રાયેલ છે. પરંતુ સમયનાં પ્રવાહમાં હવે આ પ્રાચીન દસ્તાવેજો જાળવવા એક મોટો પડકાર બની રહ્યો છે ત્યારે વિશ્વની પ્રાચીન યુનિવર્સિટીઓમાં એક ગણાતી ગુજરાત યુનિવર્સિટીએ પોતાની પાસે રહેલ હસ્તપ્રતોનો ડિઝીટાઈલેશન કરવાનો નિર્ણય કર્યો છે. આ અંગે આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિ રાજેશ કોટેચે જણાવ્યું હતુ કે ભારતભરમાં જ્યારે અંદાજે ૫૦ લાખ જેટલી હસ્તપ્રતોના જાણે કે નામશેષ થવાની અણી પર છે. ત્યારે આ હસ્તપ્રતો આવનારી પેઢી માટે સચવાઈ રહે તે માટે પગલા ભરવા જરૂરી બન્યા છે. આયુર્વેદી યુનિ. હસ્તક રહેલી ૭૩૫૦ હસ્તપ્રતોના ડિઝીટલાઈઝેશન માટેની પ્રક્રિયા હાથ ધરાઈ છે અને અત્યાર સુધી ૯૦૦ હસ્તપ્રતો અંદાજે એક લાખ પેજના તો ડિઝીટલાઈઝેશનની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. વધુમાં તેમણે ઉમેર્યુ હતું કે ભારતનો પ્રાચીન વારસો જાળવી રાખવા માટે હસ્તપ્રતો જે ભોજપત્ર કે હાથ બનાવટના કાગળો ઉપર તેમજ તાલપત્ર ઉપર કાળી શાહીથી લખાણ છે તેને લાંબા સમયે માઠી અસર પણ પહોંચી શકે છે માટે તેની જાળવણીનું એક વિજ્ઞાન છે તેનો ઉપયોગ કરવા માટે નિષ્ણાંતોને પણ બોલાવવામાં આવ્યા છે.

## સેકટર-૧૯ જિમખાનામાં સ્વીમીંગ સ્કેટિંગની ઉનાળુ વેકેશન શિખાઉ બેચ શરૂ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિમખાના સેકટર-૧૯ના નવા અદ્યતન સ્વીમીંગ પુલ તથા સ્કેટિંગ રીંગમાં આગામી ઉનાળુ વેકેશન માટેની શિખાઉ બેચ લર્નસ બેચ સવારે તથા સાંજે શરુ કરવામાં આવી છે.

શિખાઉ બેચમાં પ્રવેશ મેળવવા માટેના ફોર્મ તથા વધુ વિગતો માટે ગાંધીનગર જિમખાના સેકટર-૧૯નો સવારે ૮ થી ૧૦ તથા સાંજે ૬ થી ૮ દરમિયાન સંપર્ક કરવા મેનેજમેન્ટ કમિટી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. શિખાઉ બેચમાં મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવામાં આવશે તેની નોંધ લેવા પણ નગરજનોને ગાંધીનગર જિમખાનાની યાદીમાં જણાવાયું છે.

## ઈન્ફોસિટી કોલેજનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં આવેલી ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીએ ગઈસાલ માર્ચ-૧૩માં બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં શ્રેષ્ઠ પરિણામ લાવી હતી.

વિદ્યાર્થિની કુ. કિરણ શહદાદપુરીને પોતાના શ્રેષ્ઠ પરિણામ બદલ ગુજરાત સરકાર શિક્ષણ વિભાગે બિરદાવી વિભાગ તરફથી ટેબલેટ આપી સન્માનિત કરી છે. શાળાની વિદ્યાર્થીની પુરસ્કૃત થવાથી આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણી અને શાળા પરિવારે હર્ષની લાગણી અનુભવી અભિનંદન પાઠવ્યા છે.

## એનએસએસ વિભાગમાં નેતા તરીકે ચૌધરી કોલેજની વિદ્યાર્થિની

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત યુનિવર્સિટી એનએસએસ ડિપાર્ટમેન્ટ દ્વારા શ્રેષ્ઠ વિદ્યાર્થી નેતા પસંદગી કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સચ્ચિદાનંદ આશ્રમ કોબા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં સેક્ટર-૭ સ્થિત પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજના વિદ્યાર્થિની વૃશાલી અરવિંદભાઈ ચૌધરીની વરણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં એનએસએસ ગુજરાત ડાયરેક્ટર કમલકુમાર, યુનિવર્સિટી કો-ઓર્ડિનેટર ડૉ. નટુભાઈ વર્મા અને કુલપતિ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ચૌધરી કોલેજના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નરેન્દ્ર પટેલ, આચાર્ય ડૉ. ઉર્મિલા ચૌધરી, અને મંડળ દ્વારા અભિનંદન પાઠવ્યા છે.



## ડૉ. આર.એમ. પટેલ પી.ટી.સી. કોલેજ કડીમાં શુભેચ્છા સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત ડૉ. રામભાઈ એમ. પટેલ પી.ટી.સી. કોલેજ, એસ.વી. કેમ્પસ કડીમાં વાર્ષિકોત્સવ તથા પારિતોષિક વિતરણ તા. ૨૨-૩-૨૦૧૪ના રોજ યોજાયો હતો. સમારંભના અધ્યક્ષ તરીકે સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલ તથા મુખ્ય મહેમાન તરીકે નલીનભાઈ એમ. શાહ અને અતિથિ વિશેષ તરીકે વિનુભાઈ એસ. ચૌધરી હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ ડૉ. રામભાઈ એમ. પટેલ, મંત્રી ડૉ. મણીભાઈ, પ્રિન્સિપાલ હાજર રહી વર્ષ દરમિયાન થયેલ વિવિધ પ્રવૃત્તિઓમાં મેળવેલ નંબરો પ્રમાણે ફરતો શિલ્ડ, ટ્રોફી, મેડલ, કાયમી શિલ્ડ, પુસ્તક, પ્રમાણપત્રો તેમના હસ્તે આપવામાં આવ્યા હતા. સમગ્ર અહેવાલનું વાંચન અધ્યાપક અર્જુનભાઈએ કર્યું હતુ અને ઈનામ વિતરણ કાર્યક્રમ મનિષાબેને સંભાળ્યો હતો. અંતે કોલેજના પ્રન્સિપાલ ડૉ. બાબુલાલ આર. પટેલે ગદ્ગદ્ વાણીમાં શુભેચ્છા આપી હતી. તાલીમાર્થી બહેનોના વાલી રસિકભાઈ અને મુસ્તાકઅલીએ ભાઈઓ અને બહેનોને શુભેચ્છાઓ પાઠવી હતી અંતે રાજેન્દ્રભાઈએ આભારવિધિ કરી હતી.

## અમદાવાદની સાત પ્રાથમિક શાળાની ફી વધારવા અરજી

અમદાવાદ શહેરની સાત શાળાઓએ આગામી શૈક્ષણિક સત્રથી ફીમાં વધારો કરવા માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સમક્ષ માંગણી કરી છે. જોકે આ સાત શાળાઓ પૈકીની કેલોરેક્સ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત દિલ્હી પબ્લિક સ્કુલ દ્વારા જિલ્લા પ્રાથમિક શિક્ષણધિકારીની મંજુર પૂર્વે જ મનસ્વી રીતે ફી માં તોતિંગ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. જેની સામે વાલીઓ દ્વારા દેખાવો કરવામાં આવી રહ્યા છે. અમદાવાદ શહેરની સાત પ્રાથમિક શાળાઓએ આગામી શૈક્ષણિક સત્રથી વર્તમાન ફીમાં વધારો કરવાનો કવાયત હાથ ધરી છે. શાળાઓએ જિ. પ્રાથમિક શિક્ષણાધિકારી સમક્ષ લેખીતમાં માંગણી પણ કરી છે. જેમાં ઘાટલોડિયાની એમબી પટેલ પ્રાથમિક શાળાએ વિદ્યાર્થી દિઠ માસિક ફી ૫૦૦ રૂપિયા ઉપર, ડ્રાઈવ-ઈન રોડ પર આવેલ એસકેએમ સ્કુલે સત્ર ફી રૂપિયા ૧૧૦૦ અને ટ્યુશન ફી રૂપિયા ૭૩૦૦ કરવા, મેમનગરની મહારાજ અગ્રસેન વિદ્યાલયે ત્રિમાસિક ફી રૂપિયા ૪૫૦૦ કરવા, મણીનગરની દિલ્હી પબ્લિક સ્કુલે માસિક ફી રૂા. ૩૯૭૦ કરવાની, બોપલની દિલ્હી પબ્લિક સ્કુલે વાર્ષિક ફી રૂા. ૪૯,૪૬૦ કરવા અને બોપલની દિવ્ય જ્યોત પ્રાથમિક શાળા દ્વારા વાર્ષિક ફી રૂપિયા ૩૩,૫૦૦ કરવા માટે માંગ કરી છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી તરફથી આ શાળાઓ દ્વારા પોતાની અરજીમાં ફીમાં કેટલી રકમનો વધારો કરવા માંગે છે તેનો ઉલ્લેખ ન કર્યો હોવાથી હજી સુધી કોઈપણ શાળાને ફીમાં વધારો કરવા માટે મંજુરી આપવામાં આવી નથી. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી દ્વારા ફી વધારવાની મંજુરી આપવામાં આવી ન હોવા છતાં કેલોરેક્સ એજ્યુકેસન ટ્રસ્ટ સંચાલિત દિલ્હી પબ્લિક સ્કુલ દ્વારા તેની ફીમાં તોતિંગ વધારો ઝીંકી દીધો છે.

# જૂની રંગભૂમિની વન્સમોરની વાત

**આજે વિશ્વ રંગભૂમિ દિવસ**

*ભીખુભાઈ કવિ*

વ્યવસાયી જૂની રંગભૂમિની વાત કરતા હોય ને ત્યારે 'વન્સમોર' શબ્દ કાને પડતાં જ જૂની રંગભૂમિ રસિયાઓ જૂમી પડે! એવો એનો ભવ્ય ભૂતકાળ.. એનો સુવર્ણકાળ ચાલતો હતો ત્યારે તો એના નાટકો જોવા સુરત-વડોદરાથી મુંબઈ સ્પેશિયલ રેલ્વેમાં રશિયાઓ જતા. એટલો બધો ક્રેઝ હતો. નવો ખેલ પડે ત્યારે તે જ દિવસે પહેલો શો જોવા લોકો અગાઉથી ટિકિટ બુક કરાવી લેતા. અરે..! એના રસ ભર્યા ગીતો પર તો આફ્રીન થઈ જતા..! તે વખતે એના નાટકની ઓપેરા (પુસ્તિકા) આવતી. એમાં નાટકોનો સારાંશ અને એ નાટકના ગીતો આપવામાં આવતા હતા. (આવી અનેક ઓપેરા આ લેખના લેખક પાસે મોજૂદ છે) એ નાટકોમાં ૭૦થી ૪૦ ગીતો ગવાય ને એમાં 'વન્સમોર' પડે તો- તો સવારે કૂકડો બોલી જતો અને રાત્રે નાટક જોવા ગયેલા પ્રેક્ષકોના મોઢામાં દાતણ હોય..! કેવી હશે એ નાટકોની ભવ્યતા અને એની દિવ્યતા.. એવું આજના પ્રેક્ષકને લાગે.



હિમંત મીર,દ્રૌપદી

પણ આ વાત ખૂબ સાચી છે. 'તખતો બોલે છે' ભાગ-૧માં પ્રગાજી ડોસાએ નાટકો જોવા ઠેઠ સુરતથી સહેલાણીઓ મુંબઈ આવતા લેખમાં લખે છે-

પીલા હાઉસ (પ્લે હાઈસ) પર ઝગમગ થતી રોશનીમાં સાંજના ઓળા સમાઈ ગયા છે અને આખો રસ્તો રંગરંગીલા નાટ્ય શોખીનોથી સળવળી ઉઠ્યો છે. ઠેઠ સુરતથી નાટ્યશોખીનો સહેલાણીઓ સુરતની ધારી, ભૂસું અને ચાંદીના વરખમાં વીંટળાયેલા પાન લઈને નાટક જોવા મુંબઈ ઉતરી પડ્યા છે. રાત્રે સાડા નવને ટકોરે પોટાશના ધડાકા સાથે પડદો ઉપડે છે. નાટક શરૂ થાય છે પ્રસંગોની જમાવટ અને ગીતોની રમઝટ વન્સમોર... પર વન્સમોર..

વ્યવસાયી ગુજરાતી રંગભૂમિનો એ સુવર્ણકાળ. મુંબઈમાં એક નહીં પણ છ-છ નાટક મંડળીઓ ચાલે. સાંજના ઓલા 'પીલા હાઉસ' ઉપર ઝગમગ થતી રોશનીમાં સમાઈ જાય ત્યારે એ લતો રંગરંગીલા નાટ્ય શોખીનોથી સળવળી ઉઠે. બાલીવાલા થિયેટરમાં નકુભાઈ કાળુભાઈ શાહની, આર્ય નૈતિક નાટક સમાજ વિકટોરિયા થિયેટરમાં બંધુબેલડી વાડીભાઈ અને ચંદુલાલ હરગોવિંદદાસ શાહની શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ, બોમ્બે થિયેટરમાં બાપુલાલ નાયકની મુંબઈ ગુજરાતી નાટક મંડળી, રીપન થિયેટરમાં કાવસજી પાલનજી ખટાઉની જે ઉર્દુ જબાનમાં નાટકો ભજવે. ભાંગવાડીમાં એ વારતે ચંદુલાલ દલસુખરામ ઝવેરીની દેસી નાટક સમાજ ઉપરાંત શ્રી ઓગરાની કંપની જેના પેટા ભાડૂત તરીતે ભાઈ દાદૂ અને હિંમતમીરની કચ્છ નીતિ દર્શક નાટક સમાજ નાટકો ભજવે. ઓગરા શનિ, રવિ, બુધ અને ગુરુવારે ભજવે તો દાદુ હિંમત મીર મંગળ અને ગુરુવારે નાટકો ભજવે.



ગુજરાતી રંગભૂમિની સ્વર્ણિમ ક્ષણો માહિતી કમિશ્નર, ગુજરાત રાજય ગાંધીનગર દ્વારા પ્રકાશિત પુસ્તકમાં એના સંપાદક રાજુ શકલ પૃષ્ઠ- ૨૭ પર નોંધે છે કે ૧૯૩૯થી ૧૯૫૬ વર્ષ ૧૯૪૮માં પ્રભાત કલામંડળ અને લોકપ્રિય નાટકો રજૂ કર્યા. અને તેમની નાટક મંડળીને લિમિટેડ કંપનીમાં ફેરવીને ટકી શકવાનો પ્રયત્ન કરી



જોયાં. આ કલામંડળે લેખન- દિગ્દર્શન તથા અભિનયમાં જૂની અને નવી બંને રંગભૂમિમાં નાટકોમાં વન્સમોર થાય તેવા ગીતોની અપેક્ષા વધવા માંડી. જે કંપનીમાં નાટકોમાં રહેલાં ગીતને કે દુશ્મને સૌથી વધારે વખત વન્સમોર ના આધારે નાટકની સફળતા અને નિષ્ફળતાના માપદંડો નક્કી કરવામાં આવતા. અનેક નાટકોમાં તો પરંતુ કથા-પ્રહસન વિભાગ અને એનાય ગીતા ત્યારે જુદા જુદા દિશામાં ગતિ કરવા લાગતાં જેથી નાટકની મૂળ કથા, પાત્રો, કૃત્રિમ બની જતાં માત્ર ગીતોને જ મહત્વ અપાતું.

કાન્તિભાઈ નાયક સાહેબો મારો ગુલાબનો છોડ પુસ્તકમાં નોંધે છે :

આ જગતમાં કશું જ જૂનું થતું નથી અને કશું જ નવું હોતું નથી. ખરેખર જો જૂનું થતું હોત તો કવિ નર્મલની આત્મકથા મારી હકીકત ઉપરથી ચંદ્ર શાહ રજૂ કરેલું નાટક સાહિત્ય રસિકો અને અમેરિકા, ફ્રાન્સ, સુધી પહોંચ્યું ન હોત. હમણાં મુંબઈમાં પૃથ્વી થિયેટરોમાં માસ્ટર ફૂલમણી નામે ચંદ્ર શાહ લિખિત અને મનોજ શાહ દિગ્દર્શિત નાટક ચિક્કાર પ્રેક્ષકોની ગિર્દી વચ્ચે ભજવાઈ ગયું. એમાં ભાંગવાડીનાં જૂનાં ગીતો સાંભળી પ્રેક્ષકો ઝૂમી ઊઠ્યા હતા. પ્રેક્ષકોને ઘણા વર્ષો પછી વન્સમોરની તક મળી. આ વન્સમોર પણ નાટક સાથેનું ઈનવોલમેન્ટ છે.

વ્યવસાયી જૂની રંગભૂમિના નાટકોમાં કોમિક ગીતો આવતા ને એ ગીતો પર વારિ જઈને રસિયા પ્રક્ષકો વન્સમોર આપતા અને વન્સમોર આવે ત્યારે દુહા ગવાય. એ દુહા આજે પણ કર્ણ પર પડે છે. ને ત્યારે રોમાંચિત થઈ જવાય છે.


લ્યો થોડા ગીતો જેના પર વન્સમોર થતા ને માણીએ. સ્મરીએ.

નાટક : વીરપસલી વર્ષ ૧૯૪૪-માં કવિશ્રી પરમાણંદ ત્રાવજકર લેખર, ને સ્વરબદ્ધ કાળુ મોહન જૂનિયરે મોહનલાલ અને પ્રેમલીલા કે મિત્રપાત્રો આ ગીત છે ડે છે (સંવાદગીત)

ગીત

પ્રેમીને પ્રેમી કોઈ પૂછે કે
નયનોમાં શું છે? તું છે.
પ્રેમીના નયનોમાં હું છું તો
મનડામાં શું છે? તું છે.

આ ગીત પર વન્સમોર ખૂબ પડતા. તેવું બીજું યાદગાર ગીત નાટક અરુણોદય વર્ષ ૧૯૨૧માં કવિ પ્રભુલાલ દ્વિવેદીનું લેખનને ગીતકારને ગાનારા પાત્રો રસિકલાલ અને રસિક ગીત.



સ્વ. દાદુજી મીર (પ્રખ્યાત નટ)

તમે જો મે ના વાયદા
વિતાવજો
પીયું પેલી પેસેન્જરમાં
આવજો
હાર તોરાથી સ્વાગત
શોભાવજો
પીયું પેલી પેસેન્જરમાં
આવજો...

જૂની રંગભૂમિનું ખૂબ વખણાયેલું નાટક વડીલોના વાંકે ને લેખક ગીતકાર કવિ પ્રભુલાલ દ્વિવેદીને સ્વરકાર મા. કોસેમભાઈ મ ીરને પાત્રો સુરેન્દ્ર, સમતા અને સખીઓ દ્વારા ગવાતુંને ખૂબ વન્સમોર મેળવતું ગીત

આ તો લાખેણી લજ્જા કહેવાય શોભે ઘૂંઘટડો
ચંદ્રુ વાદળમાં છૂપાય, શો બે ઘૂંઘટડો
મને થાતી મૂંજવણને આંખો રુંધાય
શોભે ઘૂંઘટડો...

ને છેલ્લે જૂની રંગભૂમિના વલ્લભીપતિ નાટક વર્ષ ૧૯૨૭ લેખક ગીતકાર મનસ્વી પ્રાંતિજવાળાને સ્વરકાર મા કાસમભાઈ મીરનું ખૂબ જાણીતું- દરેક ના હોઠે આજે પણ ફરકે છે તે ગીત મુગલ ગીત

સ્ત્રી : ઝટ જાવો ચંદનહાર લાવો
ઘૂંઘટ નહીં ખોલુ
મને લાગ્યો એ હાલનો વેડલો
તમથી નહી બોલું હું...
પુરુષ : મોંઘી તારી માગણી અને મોંઘા તારા મૂલ
મોંઘી તારી પ્રિતડી, મેં કરતાં જ કોંથી ભૂલ
ઘૂંઘટ નહીં ખોલું હું..

આવા યાદગાર ગીતોનો વન્સમોર ગીતોને મમળાવીએ ને એ જૂની રંગભૂમિના અભિનેતાઓ અને અભિનેત્રીઓને શબ્દાજંલિ અર્પીએ અસ્તુ

નોંધ આ લેખના લેખક ભીખુ કવિનો વિશેષ મુલાકાત આજે નિર્માણ (જીટીપીએલ)માં પ્રસારીત થશે. ?